પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૭૦ • કુલ પાના : ૪ • તારીખ : ૧૩-૦૩-૨૦૨૩ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### યોગીના રાજમાં ૧૦ હજારથી વધુ એક્રાઉન્ટર:

## યુપીમાં રેપ અને કિડનેપિંગના કેસ ઘટ્યા પરંતુ મર્ડરના કેસ હજુ પણ ટોપ ઉપર

લખનૌ,

૬ માર્ચની સવારે યુપી પોલીસની સ્પેશિયલ ઓપરેશન ટીમે પ્રયાગરાજના લાલપુર ગામને ચારે બાજુથી ઘેરી લીધું હતું. સર્ચ ઓપરેશન હાથ ધર્યા બાદ શૂટર વિજય ચૌધરી ઉર્ફે ઉસ્માન સવારે ૫.૩૦ વાગ્યે પોલીસ દ્વારા એક્રાઉન્ટરમાં માર્યો ગયો હતો. આરોપ છે કે ઉમેશ પાલ મર્ડર કેસમાં તેણે પહેલી ગોળી ચલાવી હતી. અગાઉ આ જ કેસના અન્ય એક આરોપી અરબાઝને પણ પોલીસ દ્વારા આવા જ એક્રાઉન્ટરમાં ઠાર કરવામાં આવ્યો હતો.આ વર્ષના પ્રથમ બે મહિનામાં ઉત્તર પ્રદેશમાં ૯ એક્રાઉન્ટર થઈ ચૂક્યા છે. આ કારણે યોગી રાજમાં ફરી એકવાર એક્રાઉન્ટર જસ્ટિસની ચર્ચાએ જોર પકડ્યું છે. છેલ્લા ૬ વર્ષમાં યુપીમાં કેટલા એક્રાઉન્ટર થયા? આમાં કેટલા લોકોનાં મોત થયા? કેટલા ઘાયલ થયા અને આ એક્રાઉન્ટરોથી સર્જાયેલા વાતાવરણને કારણે શું ગુનામાં ઘટાડો થયો? બદમાશોના ગોળીબારને કારણે આ એક્રાઉન્ટર્સમાં લગભગ ૧૪૦૦ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. જ્યારે, આ એક્રાઉન્ટરોમાં ૨૩ હજારથી વધુ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

આ કારણોસર, એવું કહેવામાં આવી રહ્યું છે કે યોગી આદિત્યનાથની આગેવાનીવાળી સરકારે રાજ્યમાં ગુનાખોરી પર અંકુશ લાવવા માટે પોલીસને ખુલ્લી છૂટ આપી છે. જેના કારણે ૨૫ માર્ચ ૨૦૨૨થી ૧ જુલાઈ ૨૦૨૨ સુધીના માત્ર ૩ મહિનામાં કુલ ૫૨૫ એક્રાઉન્ટર થયા છે. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ, સંસદમાં પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં, કેન્દ્ર સરકારે કહ્યું કે જાન્યુઆરી ૨૦૧૭થી જાન્યુઆરી ૨૦૨૨ વચ્ચે, છત્તીસગઢમાં પોલીસ એક્રાઉન્ટરમાં મૃત્યુ પછી સૌથી વધુ ૧૯૧ કેસ નોંધાયા હતા. બીજા નંબર પર ઉત્તર પ્રદેશ છે, જ્યાં કુલ ૧૧૭ કેસ નોંધાયા છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો એટલે કે એનસીઆરબીના રિપોર્ટ અનુસાર આઈપીસી હેઠળ નોંધાયેલા એકંદર ગુનાઓ યુપીમાં ઘટવાને બદલે વધી રહ્યા છે. ૨૦૧૯માં, ઉત્તર પ્રદેશમાં આઈપીસી કલમો હેઠળ ૩,૫૩,૧૩૧ કેસ નોંધાયા હતા. જ્યારે ૨૦૨૦માં ૩,૫૫,૧૧૦ અને ૨૦૨૧માં ૩,૫૭,૯૦૫ કેસ નોંધાયા હતા. જો કે, ઘણી વખત વધુ કેસ નોંધાય છે તેનો અર્થ એ પણ છે કે સામાન્ય લોકોની પોલીસ સુધીની પહોંચ વધુ સરળ બની છે. જેના કારણે પહેલા કરતાં વધુ કેસ નોંધાઈ રહ્યા છે.

સુપ્રીમ કોર્ટના વકીલ વિરાગ ગુપ્તા કહે છે કે એક્રાઉન્ટરને ભારતના કોઈપણ કાયદામાં ન્યાયી કે કાયદેસર ઠેરવવામાં આવ્યું નથી. કલમ ૨૧માં જીવન જીવવાના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે ગણવામાં આવ્યો છે. કાયદામાં સ્પષ્ટ છે કે સરકાર વ્યક્તિનો જીવન જીવવાનો અધિકાર માત્ર અને માત્ર કાયદાકીય રીતે છીનવી શકે છે. એક્રાઉન્ટર એ નકારાત્મક પાસું છે. બંધારણ કાયદાના શાસનની વાત કરે છે. મતલબ કે કોર્ટના નિર્ણય બાદ જ આરોપીને દોષિત ગણવામાં આવશે. તેને કોર્ટ જ મોતની સજા સંભળાવી શકે છે. જ્યાં સુધી કોર્ટમાં દોષિત સાબિત ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ માનવામાં આવે છે.

## આંધ્રપ્રદેશમાં મંદિરે ૫૦ વર્ષની લડાઈ જીતી,હવે સરકાર આપશે ૨૦૦૦ કરોડની જમીન

ગુટુર,

આંધ્રપ્રદેશના બીજા સૌથી અમીર શ્રીશૈલમ મંદિરને ૪૫૦૦ એકર જમીન મળી ગઈ છે.રાજય ફોરેસ્ટ વિભાગે મંદિરનને આ જમીન આપવા પર સહમતિ વ્યકત કરી છે.આ જમીન માટે ફોરેસ્ટ વિભાગ અને એડોમેંટે મંદિરને આ જમીન આપવા પર સહમતિ વ્યકત કરી છે.આ જમીન માટે ફોરેસ્ટ વિભાગ અને એંડોમેંટ વિભાગની વચ્ચે ગત ૫૦ વર્ષથી લડાઈ ચાલી રહી હતી.૪૫૦૦ એકર જમીનની કીંમત ૨૦૦૦ કરોડ રૂપિયા છે.એ યાદ રહે કે શ્રીશૈલમ મંદિર ત્રિમુલા બાદ આંધ્રપ્રદેશનું સૌથી અમીર મંદિર છે.શ્રીશૈલમ મંદિર નલ્લામાલા અનામત વનની આસપાસના વિસ્તારોમાં છે સ્થાનીક ધારાસભ્ય શિલ્પા ચક્રપાણી રેડ્ડીએ વિન વિભાગના અધિકારીઓખી આ લાંબી લડાઈને ખતમ કરવાની વિનંતી કરી તેમણે કહ્યું કે આ લડાઈથી ન તો વિન વિભાગ અને ન તો એડોમેંટનું કોઈ ભલુ થશે ગત પાંચ દાયકાથી બંન્ને વિભાગોની વચ્ચે આ જમીનને લઈ લડાઈ ચાલી રહી હતી.વન વિભાગના મુખ્ય વન સંરક્ષક વાઈ મધુસુદન રેડ્ડીએ રાજયના વરિષ્ઠ અધિકારીઓને તહેનાત કર્યા છે.મંદિરના તથ્યોની માહિતી લગાવવા માટે તેમણે પુરાતત્વ વિભાગની પણ મદદ લીધી.રેવન્યુ વિભાગના અધિકારી પણ તેમાં સામેલ થયા સર્વેક્ષણ માટે ખાસ ટીમ બનાવવામાં આવી તેમાં રેવેન્યુ ફોરેસ્ટ એડોમેંટ સર્વેક્ષણ અને ભૂમિ અભિલેખોના અધિકારી સામેલ હતાં. અનેક મહીનાઓના રિસર્ચ બાદ ટીમે એ પુષ્ટી કરી કે વિવાદિત જમીનના માલિક ભગવાન બ્રમરમ્બા મલ્લાકાર્જૂન સ્વામી જ છે.એડોમેંટ મંત્રી કોટ્ટુ સત્યનારાયણે કહ્યું કે જમીન મંદિરના સ્વામિત્વમાં છે અમને ખુશી છે કે ૫૦ વર્ષની લડાઈ અમે જીતી લીધી અને ૪૫૦૦ એકર જમીન મંદિરને મળી ગઈ

મહેસુલ મંત્રી ધર્મના પ્રસાદ રાવ,વન અને પર્યાવરણ મંત્રી પેડ્ડિરેડ્ડી રામચંદ્ર રેડ્ડી ઉપરાંત એડોમેંટ મંત્રીએ મુખ્ય વન સંરક્ષકને મંદિર પ્રબંધનને ઔપચારિક રીતે જમીન સોંપવાની વિનંતી કરી મધુસુદન રેડ્ડીએ વન અધિકારીઓને મંદિર અધિકારીઓ સાથે એક ઔપચારિક સમજૂતિ પર હસ્તાક્ષર કરવાનો નિર્દેશ આપ્યો.શ્રીશૈલમ મંદિરના ઈઓ એસ લાવન્ના અને ફોરેસ્ટ વિભાગના નાયબ ડાયરેકટર એલન ચોંગ ટેરોને એક સમજૂતિ પત્ર પર હસ્તાક્ષર કર્યા હતાં.

## ઈટલીનાં કેલેબ્રિયા રિઝનમાં ૧ ૩૦૦ શરણાર્થી ફસાયાં છે. તેમને બચાવવા માટે ઈટલીનાં કોસ્ટ ગાર્ડસે રેસ્ક્યુ

ઈટલી,

પોતાનો દેશ છોડી યુરોપ પહોંચવા માટે શરણાર્થી સતત જીવ જોખમમાં નાખી રહ્યા છે. ગયા મહિને સર્જાયેલી દુર્ઘટના પછી ફરી એક વખત સમાચાર સામે આવી રહ્યા છે કે, ઈટલીનાં કેલેબ્રિયા રિઝનમાં ૧૩૦૦ શરણાર્થી ફસાયાં છે. તેમને બચાવવા માટે ઈટલીનાં કોસ્ટ ગાર્ડસે રેસ્ક્યુ ઓપરેશન લોન્ચ કર્યું છે. આ શરણાર્થી જુદા-જુદા દેશોમાંથી યુરોપ પહોંચવા માટે પ્રયત્ન કરી રહ્યા હતા. જોકે, અત્યારસુધી એ નથી જાણી શકાયું કે તેઓ ક્યા દેશના છે.

ઈટલીનાં કોસ્ટ ગાર્ડે તેની જાણકારી આપતા જણાવ્યું કે, આ ઓપરેશન ખૂબજ પડકારજનક થવાનું છે. કારણ કે, ફસાયેલા લોકોની સંખ્યા ખૂબ જ વધારે છે, તેઓ જહાજમાં જ્યાં-ત્યાં ભટકી રહ્યાં છે. પહેલાં ૫૦૦ લોકોને બચાવવા માટે કોસ્ટ ગાર્ડે પોતાના વેસલ્સને મોકલ્યા છે.

ઈટલીની નેવી પાસેથી પણ મદદ માગવામાં આવી છે. આ ૫૦૦ લોકો એક જહાજ પર ઈટલીના પેનિનસુલાથી ૧૧૨૫ કિલોમીટરના અંતરે છે. જ્યારે એક બીજા વેસલ મારફતે ૮૦૦ લોકોને બચાવવામાં આવશે, જે બે જુદી જુદા જહાજમાં સવાર છે. ૧૩૦૦ લોકોને બચાવવા માટે કોસ્ટ ગાર્ડસે નેવી પાસેથી પણ મદદ માગી હતી. તેના પછી મિલિટ્રી શિપ પણ આ લોકો પાસે ઝડપથી પહોંચવા પ્રયાસ કરી રહ્યું છે. તેનો એક વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો છે. જેમા દરિયામાં ફસાયેલા લોકો સુધી પહોંચી રહેલા જહાજને બતાવવામાં આવ્યા છે.

હકીકતમાં, ગયા મહિને જ ઈટલી પહોંચતા દરમિયાન પ્રવાસીઓ ભરેલું એક જહાજ ખડક સાથે અથડાઈ ડૂબી ગયું હતું. જેમાં ૭૩ લોકોના મોત નિપજ્યા હતા. મોટાભાગના પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનાં નાગરિક હતા. આ દુર્ઘટના પર ઈટલીની રાઈટ વિંગ સરકારની ખૂબ જ ટીકા થઈ હતી. વડાપ્રધાન જોર્જિયા મેલોનીની સરકાર પર પ્રવાસીઓને યોગ્ય સમયે બચાવવા માટે એક્શન ના લેવાનો આરોપ લાગ્યો હતો.

ઈટલી પહોંચવા માટે પ્રવાસી ગેરકાયદેસર પદ્ધતિનો ઉપયોગ કરી રહ્યા છે, જેનાથી સતત જીવ જઈ રહ્યાં છે. છતાય આ પ્રકારની ઘટના અટકવાનું નામ નથી લઈ રહી. અહેવાલ મુજબ, આ વર્ષે બુધવાર સુધી જહાજથી ૩ હજાર શરણાર્થીઓ ઈટલી પહોંચ્યાં છે. જ્યારે શુક્રવારે અહીંના કોસ્ટ ગાર્ડસે ઈટલીનાં સાઉધર્ન આઈલેન્ડમાંથી ૫૦૦ લોકોના જીવ બચાવ્યા હતા. આ આઈલેન્ડ પર ગુરુવારે જહાજથી ૧૮૬૯ શરણાર્થીઓ પહોંચ્યા હતા.

## આગામી ત્રણ દિવસ ખેડૂતો માટે ’ભારે’ ૪૮ કલાક હિટવેવ કરશે પરેશાન

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી કરવામાં આવતા જગતના તાતની ચિંતામાં વધારો થયો છે. વાત જાણે એમ છે કે, હવામાન વિભાગે ગરમીની સાથે સાથે કમોસમી વરસાદની પણ આગાહી કરી છે. જે મુજબ રાજ્યમાં આજે અને આવતી કાલે બે દિવસ ગરમીનો પ્રકોપ રહેશે તો રાજ્યના અનેક વિસ્તારોમાં ૧૩, ૧૪ અને ૧૫ માર્ચે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં તાજેતરમાં આવેલ કમોસમી વરસાદ બાદ ખેડૂતોને પડ્યા પર પાટુ જેવી સ્થિતિ સર્જાઇ હતી. આ દરમિયાન ફરી એકવાર હવામાન વિભાગે આગાહી કરતાં હવે આગામી ત્રણ દિવસ ખેડૂતો માટે ’ભારે’ છે. હવામાન વિભાગ દ્વારા ઉત્તર, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ૧૩, ૧૪ અને ૧૫ માર્ચે ગાજવીજ અને ભારે પવન સાથે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

## હવે બંગાળમાં ભરતી કૌભાંડ, ૫૭ને મંજૂરી વિના નિમણૂક પત્રો મળ્યા

કોલકતા,

કલકત્તા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડના આરોપસર ગ્રૂપ સીની ૮૪૨ નોકરીઓમાંથી ૫૭ને રદ કરવાનો આદેશ આપ્યો હતો. એસએસસી ભલામણ પત્ર વિના ‘ગ્રૂપ સી’ માં ૫૭ લોકો કામ કરી રહ્યા હતા આ વાતની માહિતી મળતા કોલકાતા હાઈકોર્ટના જસ્ટિસ અભિજીત ગંગોપાધ્યાયે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું અને આ ૫૭ લોકોની નોકરી રદ કરવાનો આદેશ જારી કર્યો હતો.

કલકત્તા હાઈકોર્ટના આદેશ પછી બીજા દિવસે શનિવારે આ સંદર્ભે એક સૂચના જારી કરી હતી . અને ૫૭ લોકોને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. કોલકાતા હાઈકોર્ટના જસ્ટિસ અભિજીત ગંગોપાધ્યાયે શનિવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં યાદી જાહેર કરવાનો આદેશ આપ્યો હતો.

હાઈકોર્ટના આદેશ બાદ જીજીઝએ ૫૭ લોકોની નોકરીઓ રદ કરવા માટે એક સૂચના બહાર પાડી છે. આ ૫૭ લોકો કોણ છે, તેમના નામ શું છે, તેમના રોલ નંબર શું છે? હવે તેઓ કઈ શાળામાં કામ કરે છે તેની માહિતી યાદીમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ ૫૭ લોકો પાસે કમિશનનો ભલામણ પત્ર નથી, પરંતુ તેમની પાસે નિમણૂક પત્ર છે.

કોલકાતા હાઈ કોર્ટના આદેશ બાદ રાજકીય લાગવગ ધરાવતા અનેકની નોકરી ગઈ છે, જેને કારણે આવનારા દિવસોમાં ભારે વિવાદ થવાની શક્યતા છે.

## જો બાઈડન ખુબ સમાજવાદી રાષ્ટ્રપતિ અને તેમનો બજેટ પ્રસ્તાવ વિનાશકારી : નિક્કી હૈલી

વોશિંગ્ટન,

રિપબ્લિકન પાર્ટીના ભારતીય મૂળની રાષ્ટ્રપતિ પદની દાવેદાર નિક્કી હેલીએ રાષ્ટ્રપતિ જો બાઈડનના વાર્ષિક બજેટ સંબંધી પ્રસ્તાવોને લઈ તેમના પર પ્રહારો કર્યા છે.હેલીએ કહ્યું કે આ બજેટ પ્રસ્તાવ સમાજવાદી પ્રવૃતિનું છે જે અમેરિકા માટે વિનાશકારી છે.બાઈડનના ૬૯ અબજનું બજેટ રજુ કર્યા બાદ હેલીએ કહ્યું કે આપણે લોકોને કલ્યાણના માર્ગથી કામના માર્ગ પર લઈ જવા જોઈએ પરંતુ જો બાઈડન કામ કરવા માટેની જરૂરત વિના જ લોકોનું કલ્યાણ કરવા પર ભાર મુકી રહ્યાં છે

બાઈડને પોતાના વાર્ષિક બજેટમાં સમાજ કલ્યાણના અનેક ઉપાયો રજુ કર્યા છે અને અમીરો પર કર વધાર્યા છે.ફોકસ ન્યુઝને આપેલ એક મુલાકાતમાં હેલીએ કહ્યું કે મને લાગે છે કે વાઈડન ખુબ સમાજવાદી રાષ્ટ્રપતિ છે તે દરેક કોઈ વ્યક્તિના પૈસા ખર્ચ કરવામાં વિશ્વાસ કરે છે દરેક વાત માટે તેમનો જવાબ કરમાં વધારો કરવાનો છે.

એક સવાલના જવાબમાં તેણે કહ્યું કે આપણે યથાર્થવાદી થવાની જરૂરત છે આપણા ઉપર ૩૧૦ અબજ અમેરિકન ડોલરનું કર્જ છે.આપણે વ્યાજના વળતર માટે પૈસા ઉધાર લઈ રહ્યાં છીએ આ ટિકાઉ સમાધાન નથી વોશિંગ્ટન ડીસીમાં ખર્ચની સમસ્યા છે જેને આપણે સમાપ્ત કરવાની જરૂરત છે.

હેલીએ કહ્યું કે બાઈડને સૌથી પહેલા એ કહેવું જોઈતુ હતું કે અમે કોવિડ ૧૯(વૈશ્વિક મહામારી)નો સામનો કરવા માટે ફાળવેલ ૫૦૦ અરબ અમેરિકી ડોલરની તે રકમને પાછી લેવા જઈ રહ્યાં છીએ જે ખર્ચ થઈ નથી તેમણે કહ્યું કે બીજીવાત જે તેમણે કહેવી જોઈએ તો એ છે કે આઈઆરએસ(વધારાની મહેસુલ સેવા) એજન્ટ નિર્દોષ અમેરિકીઓની પાછળ પડવાની જગ્યાએ ૧૦૦ અરબ ડોલરના કોવિડ કૌભાંડના મૂડ સુધી જાય અને દોષિતોની માહિતી લગાવે

## એપ્રિલ,૨૦૨૩માં દેશની બેંકોમાં ઘણી રજાઓ છે.

મુંબઈ,

નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની એપ્રિલ મહિનામાં શરૂઆત થશે. આ સંજોગોમાં કેટલાક મહત્વના ફેરફાર એપ્રિલથી આર્થિક મોરચે જોવા મળશે. એપ્રિલના આ મહિનામાં બેંકોના કામકાજ ઓછુ થશે, કારણ કે બેકિંગ કેલેન્ડર પ્રમાણે એપ્રિલ,૨૦૨૩માં દેશની બેંકોમાં ઘણી રજાઓ છે. બેંક કર્મચારીઓને આ વખતે પણ મોટી સંખ્યામાં રજા મળનારી છે.

કેલેન્ડર જોતા સમજી શકાય કે મહિનાના તમામ રવિવારો સહિત મહિનાના ચોથા શનિવારે પણ બેંકોનું કામકાજ બંધ રહે છે. આ સંજોગોમાં આ વખતે જે રજાઓનું કેલેન્ડર જાહેર થયું છે, તેમાં એપ્રિલ મહિનામાં બેંક કર્મચારીઓ માટે અનેક રજા છે.

## એક વર્ષમાં ગીરમાં કુલ ૧૦૦ સિંહના મૃત્યુ થયા હતા. ૨૦૨૨-૨૩માં ૨૦ નર, ૨૧ માદા અને ૫૯ બચ્ચાઓનું મૃત્યુ

ગાંધીનગર,

હાલમાં જ ગુજરાતના રાજ્યના વન ખાતાના પ્રધાન દ્વારા ગુજરાત વિધાનસભમાં આપવામાં આવેલી માહિતી અનુસાર એક વર્ષમાં ગીરમાં કુલ ૧૦૦ સિંહના મૃત્યુ થયા હતા. ૨૦૨૨-૨૩માં ૨૦ નર, ૨૧ માદા અને ૫૯ બચ્ચાઓનું મૃત્યુ થયું હતું. છે. આ ૧૦૦માંથી ૮૯ સિંહો કુદરતી રીતે અને ૧૧ અકુદરતી રીતે મૃત્યુ પામ્યા હોવાની માહિતી મળી રહી છે. આ આંકડા ૧ એપ્રિલ, ૨૦૨૨ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૩ સુધીના છે. વર્ષ ૨૦૨૦ની વસ્તી ગણતરી મુજબ ગીરમાં કુલ ૬૭૪ સિંહો છે અને એટલે જ એક વર્ષમાં ૧૦૦ સિંહોનું મૃત્યુ એટલે આ પ્રમાણ કુલ વસતીના ૧૫ ટકા જેટલું છે.



અત્રે ઉલ્લેખનીય છે કે દર પાંચ વર્ષે સિંહની વસતી ગણતરી કરવામાં આવે છે. ૨૦૨૦માં આ વસતી ગણતરી કરવામાં આવી હતી અને હવે ૨૦૨૫માં સિંહોની વસતી ગણતરી કરવામાં આવશે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર છેલ્લાં ૨ વર્ષની સરખામણીમાં સિંહોના મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. આંકડાઓ પર નજર નાખીએ તો વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૧૩૭ સિંહોનું મૃત્યુ થયું હતું. જેમાં ૧૪ સિંહના મૃત્યુ અકુદરતી હતા. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૧૨૯ સિંહોના મોત થયા હતા, તેમાંથી ૧૬ સિંહના અકુદરતી મૃત્યુ થયા હતા. એટલે કે છેલ્લાં ત્રણ વર્ષમાં સરકારના જણાવ્યા પ્રમાણે એપ્રિલ ૨૦૨૦થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં ૩૬૬ સિંહોના મોત થયા છે.

આ અગાઉ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ વન મંત્રીએ ગુજરાત વિધાનસભામાં સિંહોના મૃત્યુ અંગેનો અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે ગીર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન છેલ્લાં બે વર્ષમાં ૨૪૦ સિંહોને ગુમાવ્યા છે. આ પ્રમાણ ગીરની સિંહની વસ્તીના ૩૬ ટકા જેટલો છે. રાજ્ય સરકારે વિધાનસભામાં એવું પણ જણાવ્યું હતું કે ગીર અભ્યારણ અને આસપાસના વિસ્તારોમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ સુધીના બે વર્ષમાં ૧૨૮ બચ્ચા સહિત ૨૪૦ સિંહોના કુદરતી અને અકુદરતી કારણોસર મૃત્યુ થયા છે.

સિંહોના અકુદરતી રીતે થતાં મૃત્યુના કારણની વાત કરીએ તો ખુલ્લા કૂવામાં પડવું, વાહનો કે ટ્રેનની અડફેટે આવવું વગેરે છે. વર્ષ ૨૦૧૮માં ગીરના જંગલોમાં એશિયાટિક સિંહોના મૃત્યુ કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ (ઝઢફ)ને કારણે પણ થયા હતા. આ વાયરસ કૂતરામાંથી અન્ય જંગલી પ્રાણીઓમાં ફેલાય છે અને તે અત્યંત જીવલેણ છે. સીડીવીએ ૧૯૯૪માં તાન્ઝાનિયામાં સેરેનગેતી અભયારણ્યમાં લગભગ ૧૦૦૦ સિંહોના જીવ ગયા હતા.ભારતમાં માત્ર સિંહોનું મૃત્યુ જ નહીં પરંતુ વાઘના પણ મૃત્યુ ચિંતાનો વિષય છે. માત્ર વર્ષ ૨૦૨૩ના પ્રથમ મહિનામાં (૧ જાન્યુઆરીથી ૮ ફેબ્રુઆરી) ૨૪ વાઘના મોત થયા છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (દ્ગ્ઝછ)ને ટાંકીને લખ્યું છે કે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૧૬ વાઘના મોત થયા હતા, જ્યારે ૨૦૨૧માં આ જ સમયગાળામાં ૨૦ વાઘના મોત થયા હતા. આ વર્ષે સૌથી વધુ મૃત્યુ મધ્ય પ્રદેશ (૯), ત્યારબાદ મહારાષ્ટ્ર (૬), રાજસ્થાન (૩), કર્ણાટક (૨), ઉત્તારાખંડ (૨) અને આસામ અને કેરળમાંથી એક-એક કેસ નોંધાયા છે.

## આર્થિક સંકટનો સામનો કરી રહેલ પાકિસ્તાનની સેનાએ નેશનલ ડે પરેડને પણ સીમિત કરી



ઈસ્લામાબાદ,

આર્થિક સંકટનો સામનો કરી રહેલ પાકિસ્તાનમાં ખર્ચ બચાવવા માટે દર વર્ષ ૨૩ માર્ચે યોજાનાર નેશનલ ડે પરેડને પણ પાકિસ્તાની સેનાએ સીમિત કરવાનો નિર્ણય કર્યો છે.

સુત્રોના જણાવ્યા અનુસાર પાકિસ્તાની સેનાના મામલાથી પરિચિત લોકોએ જણાવ્યું છે કે દર વર્ષ યોજાનાર પાકિસ્તાન ડે પરેડ આ વખતે આર્થિક સંકટને કારણે શકર પિડિયાં પરેડ ગ્રાઉન્ડના સ્થાન પર પ્રેસિંડેસીમાં જ થશે જેમાં પાકિસ્તાની સેના પોતાના હથિયાર અને સૈન્ય શક્તિનું પ્રદર્શન કરે છે. વર્ષ ૧૯૪૦માં થયેલ લાહોર સમજૂતિની યાદમાં મનાવવામાં આવનાર પાકિસ્તાન દિવસની પરેડને લઈ સેનાએ આ નિર્ણય વડાપ્રધાન શહબાજ શરીફના તે અભિયાનને ધ્યાનમાં લીધો છે જેમાં સાદગી રાખવાનો ખર્ચ ઘટાડવાનો ઈરાદો બનાવવામાં આવ્યો છે.સુત્રોના જણાવ્યા અનુસાર સેનાનુ કહેવુ છે કે તે દેશની પ્રજાની સાથે એકસાથે ઉભી છે અને દેશના સારા માટે કામ કરતી રહેશે

એ યાદ રહે કે પાકિસ્તાન ખુબ ગંભીર આર્થિક સંકટના દૌરમાંથી પસાર થઈ રહ્યું છે અને આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (આઈએમએફ) દ્વારા રોકવામાં આવેલ લોનને બહાલ કરવાની દિશામાં કામ કરી રહ્યું છે. આ સંદર્ભમાં નાણાંમંત્રી ઈસહાક ડારે કહ્યું હતું કે આઈએમએફની સાથે સ્ટાફ સ્તરીય સમજૂતિ આગામી બે દિવસમાં થઈ જવાની આશા છે.

નાણાંમંત્રીએ ઈસ્લામાબાદમાં એક સેમિનારમાં કહ્યું હતું કે વર્તમાન સરકારને આર્થિક સંકટ વિરાસતમાં મળ્યું હતું અને તેઓ દેશના આર્થિક પુનરૂધ્ધાર માટે પગલા ઉઠાવી રહ્યાં છે

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## કાકાના કુવામાંથી જ યુવકનો મૃતદેહ મળ્યો:વીરપુરના ખાંટા ગામે ૮ તારીખે યુવક ગુમ થયો હતો



મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના ખાટા ગામે એક ૨૨ વર્ષીય યુવકનો કુવામાંથી મૃતદેહ મળી આવ્યો છે. ખાંટા ગામનો હર્ષ યોગેશભાઈ પટેલ નામક યુવક ગત ૮ તારીખે પોતાના ઘરેથી રાત્રીના સમયે ગુમ થયો હતો. ત્યારબાદ પરિવારજનોએ તેની શોધખોળ હાથધરી હતી. બે દિવસ જેટલો સમય વિતવા છતાં હર્સ પોતાના ઘરે પરત ન આવતા પરિવારજનો દ્વારા વિરપુર પોલીસ મથકે ગુમ થયા અંગેની જાણવાજોગ આપી હતી. ત્યારે પોલીસ પણ આ અંગે તપાસ કરી રહી હતી. ત્યારે આજે મૃત હાલતમાં હર્ષનો મૃતદેહ મળી આવ્યો છે. સમગ્ર બનાવ અંગે વીરપુર પોલીસ સ્ટેશનના PSI સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, હર્ષ પટેલ ૮ માર્ચે રાત્રીના સમયે ગુમ થયો હતો. ત્યારે પરિવારજનો દ્વારા ૧૦ તારીખે વીરપુર પોલીસ મથકે ગુમ થયાની જાણવાજોગ આપી હતી. ત્યારે આજે હર્ષના કાકાના જ કૂવામાંથી હર્ષનો મૃતદેહ મળી આવ્યો છે. ત્યારે ફાયર બ્રિગેડની ટીમ તથા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને કુવામાંથી બહાર કાઢી પીએમ અર્થે વીરપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી અને વધુ તપાસ હાથધરી છે. ત્યારે પરિવારનો ૨૨ વર્ષીય યુવક ગુમ થયા બાદ મૃત્યુ નીપજતા પરિવારમાં પણ ઘેરા શોકની લાગણી વ્યાપી છે.

## મહીસાગર જિલ્લાના વાતાવરણમાં પલટો; બપોર બાદ આકાશમાં વાદળો ઘેરાતા ખેડૂત ચિંતિત



રાજ્યભરમાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા ફરી એકવાર કરવામાં આવી છે. ત્યારે રાજ્યના અનેક જિલ્લાઓમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. તો મહીસાગર જિલ્લામાં પણ બપોર બાદ એકાએક વાતાવરણમાં પલટો સર્જાયો છે. આકાશમાં વાદળો ઘેરાયા છે અને વાતાવરણ બદલાયું છે. જેથી ખેડૂતના માથે ફરીથી ચિંતાના વાદળો છવાયા છે.

જિલ્લામાં ખેડૂતનો પાક તૈયાર થવાની અણી પર છે. જ્યારે કેટલાક ખેતરોમાં પાક તૈયાર થઈ ગયેલો છે. ત્યારે આ રીતે વાતાવરણમાં પલટો આવતા જગતનો તાત ચિંતિત બન્યો છે. બીજી બાજુ ગરમીથી લોકોને થોડી રાહત મળી છે, પરંતુ જો જિલ્લામા કમોસમી વરસાદ વરસે તો ચોક્કસથી ખેતીના પાકોને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. માર્ચ મહિનાની શરૂઆતમાં જ રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. ત્યારે મહીસાગર જિલ્લામાં પણ માર્ચ મહિનાની શરૂઆતમાં જ ધોધમાર વરસાદ વરસ્યો હતો. ત્યારે ફરી એકવાર રાજ્યના કેટલાક વિસ્તારોમાં હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે ફરીથી મહીસાગર જિલ્લામાં પણ વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. આજે રવિવારે બપોર બાદ એકાએક વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે અને આકાશમાં વાદળો છવાતા જગતના તાતના માથે ફરી એકવાર ચિંતાનું મોજું છવાયું છે.જિલ્લામાં મોટાભાગના ખેતરોમાં પાક તૈયાર થયેલો છે. જ્યારે કેટલાક ખેતરોમાં પાક ઉભો છે. તેવામાં આ રીતે બદલાયેલા મોસમથી ખેડૂત ચિંતિત બન્યો છે. તો બીજી બાજુ આંબાવાડી અને ખેતરોમાં રહેલ કેરી પરનો મોર પણ બગાડવાની શક્યતાથી કેરીના પાકને પણ નુકસાન જવાની શક્યતાઓ જોવા મળી રહી છે. જોકે મહીસાગર જિલ્લામાં હજી સુધી હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી નથી, પરંતુ જિલ્લામાં બદલાયેલા મોસમથી ખેડૂતો ચિંતિત બન્યા છે. જ્યારે વાદળછાયા વાતાવરણથી ગરમીથી લોકોને આંશિક રાહત મળી છે.

## કોરોના થયો હોય તેને આવી શકે છે હાર્ટ એટેક! ઉઉૐ ના ઉચ્ચ અધિકારીના ખુલાસા

બ્રિટન,

તાજેતરમાં, ઘણા લોકો હાર્ટ એટેકના વધતા કેસોને કોરોના વાયરસની આડ અસરો અને તેની રસી સાથે જોડી રહ્યાં છે જો કે, હવે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ભૂતપૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક સૌમ્યા સ્વામીનાથને આ વિશે ઘણી માહિતી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે કોરોના વાયર પછી હાર્ટ એટેકનું જોખમ રસી લીધા પછી ૪થી ૫ ટકા વધારે છે. સૌમ્યા સ્વામીનાથને મીડિયાને જણાવ્યું કે, એ વાત સારી રીતે સ્થાપિત છે કે કોરોના વાયરસના ચેપ પછી હાર્ટ એટેક, ડાયાબિટીસ, સ્ટ્રોકનું જોખમ વધી જાય છે. કોવિડ પછી હાર્ટ એટેકનું જોખમ રસીકરણ પછી ૪ થી ૫ ટકા વધારે છે.

કોવિડ સંક્રમણ પછી હાયપરટેન્શન માટે કોવિડ પોતે જવાબદાર છે. ઉલ્લેખનીય છે કે ઉઉૐ અને અન્ય ઘણા નિષ્ણાતોએ વારંવાર ચેતવણી આપી છે કે કોવિડથી હાર્ટ એટેક, નર્વસ સિસ્ટમની નિષ્ફળતા સહિત અનેક જીવલેણ રોગો થઈ શકે છે. તે જ સમયે, કોવિડની રસી લેનાર વ્યક્તિને કોરોના વાયરસના ચેપનું જોખમ કેટલું છે? આ સવાલ પર, ભૂતપૂર્વ ઉઉૐ અધિકારીએ કહ્યું કે તેનું જોખમ ઓછુ છે. વાયરસ એ રીતે મ્યૂટેટ થશે કે વેક્સીનથી મળનારી ઈમ્યુનિટી તેની સામે બેઅસર થશે. તેથી તેનું સતત નિરીક્ષણ કરવું જરૂરી છે. અગાઉ, બ્રિટનની પ્રખ્યાત રોયલ સોસાયટી ઑફ મેડિસિન જર્નલમાં પ્રકાશિત થયેલા એક સંશોધનમાં દાવો કરવામાં આવ્યો હતો કે લાંબા સમયથી કોવિડથી પ્રભાવિત ૫૯ ટકા દર્દીઓ, પ્રારંભિક લક્ષણોના લગભગ એક વર્ષ પછી, અંગ નિષ્ફળતાના કિસ્સાઓ જોવા મળ્યા છે.

આમાં એવા દર્દીઓનો સમાવેશ થાય છે જેઓ પ્રથમ વખત ચેપ લાગ્યા બાદ ગંભીર રીતે બીમાર થયા ન હતા. આ સંશોધનમાં ૫૩૬ એવા લોકોને સામેલ કરવામાં આવ્યા હતા, જેઓ લાંબા સમયથી કોવિડથી પ્રભાવિત હતા અને આ દરમિયાન તેમને શ્વાસ લેવામાં તકલીફ અને અન્ય સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. સંશોધકોએ અહેવાલ આપ્યો છે કે આ ૫૩૬ દર્દીઓમાંથી ૩૩૧માં પ્રથમ ચેપની પુષ્ટિ થયાના છ મહિના પછી અંગો બરાબર કામ ના કરવાની માહિતી મળી છે. છ મહિના પછી, સંશોધકોએ આ દર્દીઓ પર ૪૦ મિનિટ લાંબુ 'મલ્ટી-ઓર્ગન સ્કૈન સ્કેન' કર્યું. તે નિષ્કર્ષમાં એક વાતની પુષ્ટિ થઈ કે કોવિડથી અસરગ્રસ્ત ૨૯ ટકા દર્દીઓમાં કેટલાક અંગો ખરાબ થયા હતા. જ્યારે ૫૯ ટકા દર્દીઓએ ચેપના લગભગ એક વર્ષ પછી એક અંગ ગુમાવ્યું હતું.

## મુંબઈમાં ફિલ્મસિટીમાં આગ ભભુકી: પાંચ સેટ બળીને ખાખ: સદ્ભાગ્યે જાનહાની નહીં



મુંબઈ,

અત્રે ગોરેગાંવ ખાતે આવેલા ફિલ્મસીટી સ્ટુડીયોમાં ગઈકાલે શુક્રવારે સાંજે ૪.૩૦ વાગ્યા દરમ્યાન ટીવી સિરીયલ ગુમ હે કિસી કે પ્યાર મેંના સેટ પર આગ ભભુકી હતી. આગ લાગવા સમયે ભારે પવનના કારણે આ આગ બાજુમાં અન્ય ચાર સેટોમાં ફેલાઈ હતી. ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. આ આગમાં સેટ બળીને ખાખ થઈ ગયા હતા. જો કે, સદભાગ્યે કોઈ જાનહાની કે ઈજાના અહેવાલો નથી.આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ જયારે બાળકોના સીનનું શુટીંગ ચાલતું હતું ત્યારે આગ લાગી હતી. આગ લાગી ત્યારે સેટ પર હાજર એકટર્સ, મેમ્બર્સને સલામત બહાર કાઢવામાં આવ્યા હતા.આગની જાણ થતા ફાયર બ્રિગેડના સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યા હતા. અને આગને કાબુમાં લીધી હતી. ફાયર ઓફિસર સંજય માંજરેકરે જણાવ્યું હતું કે, આગથી બધા લોકોને બચાવાયા હતા. તેમ છતા અમે એ પ્રયાસો ચાલુ રાખ્યા હતા કે જો અંદર કોઈ ફસાય ગયું હોય તો તેને બહાર કાઢી શકાય. પવનના કારણે આગ ફેલાતા સ્ટુડીયોમાં અન્ય સેટસ પણ ઝપટમાં આવતા ખાખ થઈ ગયા હતા. આ સેટસ પર- તેરી મેરી દુરીયા, અજૂની, ટીવી સિરીયલનું શુટીંગ ચાલતું હતું.

આ આગના બનાવના મામલે ઓલ ઈન્ડિયા સિને વર્કસ એસોસીએશનના પ્રમુખ સુરેશ શ્યામલ ગુપ્તાએ આક્ષેપ કર્યો હતો કે, સ્ટુડીયોમાં ફાયર સેફટીના કોઈ સાધનોની સુવિધા નહોતી. તેમણે સિરીયલના પ્રોડયુસર અને ચેનલ અને પ્રોડકશન હાઉસ સામે એફઆઈઆર કરવાની માંગ કરી હતી.ફિલ્મસીટી સ્ટુડીયોના મેનેજીંગ ડાયરેકટર અવિનાશ ધકનેના રાજીનામાની માંગ કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે, ફિલ્મસીટી મોટા પ્રમાણમાં શુટીંગ થાય છે. પણ ત્યાં ફાયર સેફટીની સુવિધા નથી. તેમણે આ મામલે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શિંદેને પણ તપાસ કરાવવાની માંગ કરી છે.

## ભાજપ ૨૦૧૯માં જે સીટો પરથી હારેલો ત્યાં ખાસ અભિયાન-વડાપ્રધાનની મેગા રેલી થશે

નવી દિલ્હી

લોકસભાની ચૂંટણીને લઈને ભાજપે અત્યારથી જ તૈયારી શરૂ કરી દીધી છે. ભાજપને ૨૦૧૯માં જે સીટો પર હારનો સામનો કરવો પડયો હતો તે ૧૬૦ લોકસભા સીટ માટે ખાસ અભિયાન ભાજપ શરૂ કરી રહ્યું છે. પાર્ટીએ સંસદીય ક્ષેત્રોમાં વડાપ્રધાનની ૪૫ રેલીઓનું આયોજન કરી રહી છે.

પાર્ટી સૂત્રોના અનુસાર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા આ સીટો પરથી મળેલા ફિડબેકના આધારે સતત રણનીતિ બનાવી રહ્યા છે. ભાજપે પોતાના ત્રણ રાષ્ટ્રીય મહાસચીવો સુનીલ બંસલ વિનોદ તાવડે અને તરુણ ચુઘને રેલીઓની તૈયારીની જવાબદારી સોંપી છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ લોકસભા સીટોને અલગ અલગ સમૂહોમાં વહેંચી છે. દરેક સમૂહમાં ચાર સીટો હશે. વડાપ્રધાનની મોટી રેલીઓનું આયોજન આ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં થશે. આ વિસ્તારોમાં ૪૫થી૫૫ રેલી-જનસભાઓનું આયોજન કરાશે.

જયારે બીજી બાજુ આ ૧૬૦ સીટોને બે ભાગમાં વહેંચવામાં આવશે. પ્રથમ ૮૦ સીટો માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા તરફથી રેલી કરવામાં આવશે, જયારે અન્ય ૮૦ સીટો પર કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ તરફથી જાહેરસભાઓ કરાશે. આ ચૂંટણી રેલીમાં પક્ષમાં માહોલ બનાવવાની કોશિશ કરવામાં આવશે, જેથી આ સીટો પર બહુમતી સાથે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પાર્ટી ફરીથી સતામાં આવી શકે.

## આપના નેતાઓની ધરપકડોના વિરોધમાં આપ ૧૩ માર્ચથી ડોર ટુ ડોર કેમ્પેઈન શરુ કરશે

નવીદિલ્હી,

આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ૧૩ માર્ચથી દિલ્લીના તમામ વોર્ડમાં ભાજપ વિરુદ્ધ ડોર ટુ ડોર પ્રચાર શરૂ કરવા જઈ રહ્યા છે. જે અંગે ગોપાલ રાયે કહ્યુ કે ભારતીય જનતા પાર્ટીને બેનકાબ કરવા માટે આમ આદમી પાર્ટીએ ડોર ટુ ડોર પ્રચારની તૈયારીઓ તેજ કરી દીધી છે. દિલ્લીના ૨૫૦ વોર્ડના પ્રતિનિધિઓને પાર્ટી હેડકવાર્ટર ખાતે સંગઠનના પદાધિકારીઓ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આપ ભાજપની મોદી સરકાર દ્વારા કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગનો સંદેશ દરેક વ્યક્તિ સુધી પહોંચાડશે.

આમ આદમી પાર્ટીના દિલ્લી સ્ટેટ કન્વીનર અને મંત્રી ગોપાલ રાયે કહ્યુ કે દિલ્લીમાં મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનની ધરપકડ સામે આમ આદમી પાર્ટી દ્વારા મેગા ડોર-ટુ-ડોર અભિયાન ચલાવવામાં આવશે. દરેક વોર્ડમાં ડોર ટુ ડોર પ્રચાર માટે ટીમો બનાવવામાં આવશે. આ તમામ ટીમો ૧૩ માર્ચથી દિલ્લીના તમામ વોર્ડમાં ડોર ટુ ડોર પ્રચાર શરૂ કરશે. ડોર ટુ ડોર પ્રચારની સાથે મહોલ્લા મીટીંગનુ આયોજન કરવામાં આવશે, જેમાં મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનની સમગ્ર ધરપકડનુ સત્ય લોકો સમક્ષ મુકવામાં આવશે. આ ઉપરાંત ડોર ટુ ડોર કેમ્પેઈનમાં લોકો પાસે વડાપ્રધાનના નામ એક પત્રમાં સહી કરાવવામાં આવશે જેથી લોકો પોતાનો આક્રોશ વ્યક્ત કરી શકે. ગોપાલ રાયે કહ્યુ કે તાનાશાહી વલણ અપનાવતા વડાપ્રધાને દેશના શ્રેષ્ઠ મંત્રીઓ મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરીને જેલમાં પૂર્યા છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તમામ ધારાસભ્યો અને કાઉન્સિલરો સાથે બેઠક કરીને આ પાછળની સાચી હકીકત લોકો સુધી પહોંચાડી હતી. બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે ભાજપના દરેક ષડયંત્રનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. ડોર ટુ ડોર અભિયાન દ્વારા મોદી સરકાર દ્વારા કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગનો સંદેશ દિલ્લી અને સમગ્ર દેશમાં દરેક વ્યક્તિ સુધી પહોંચાડવામાં આવશે.

## આપની આજ.......

મેષ (અ,લ,ઈ) : નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

વૃષભ (બ,વ,ઉ) : વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

મીથુન (ક,છ,ઘ) : આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

કર્ક (ડ,હ) : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઈ શકે છે.

સિંહ (મ,ટ) : પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

કન્યા (પ,ઠ,ણ) : વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

તુલા (ર,ત) : સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

વૃશ્ચિક (ન,ય) :

જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

ધન (ભ,ધ,ફ) : વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

મકર (ખ,જ) : અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

કુંભ (ગ,શ,સ) : દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

મીન (દ,ચ,ઝ,થ) : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

### પંજાબમાં નાણાકીય વર્ષ

## ૨૦૨૩-૨૪ માટે પંજાબ માટે ૧ લાખ ૯૬ હજાર ૪૬૨ કરોડ રૂપિયાનું કુલ બજેટ રજૂ કર્યું.

### બજેટમાં પહેલીવાર પંજાબના બોર્ડર બેલ્ટ માટે ૪૦ કરોડ રૂપિયાનો દાવો કરવામાં આવ્યો હતો.

ચંડીગઢ,

પંજાબમાં મુખ્યમંત્રી ભગવંત માનની આગેવાની હેઠળની આમ આદમી પાર્ટી (આપ) સરકારેવિધાનસભામાં તેનુ પ્રથમ પૂર્ણ બજેટ રજૂ કર્યુ. આમાં ન તો કોઈ નવો કર લાદવામાં આવ્યો કે ન તો કોઈ પ્રકારની છૂટ આપવામાં આવી. રાજ્યના નાણાં પ્રધાન હરપાલ સિંહ ચીમાએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે પંજાબ માટે ૧ લાખ ૯૬ હજાર ૪૬૨ કરોડ રૂપિયાનું કુલ બજેટ રજૂ કર્યુ, જે ગયા વર્ષ કરતાં ૨૬% વધુ હતુ. ૨૦૨૨-૨૩માં પંજાબનુ કુલ બજેટ એક લાખ ૫૫ હજાર ૮૬૦ કરોડ રૂપિયા હતુ.

સરકારનુ મહત્તમ ધ્યાન શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્ર પર હતું. પ્રથમ વખત, શાળાઓમાં એસ્ટેટ મેનેજરની નિમણૂક કરવાની જાહેરાત કરવામાં આવી હતી જેઓ ત્યાંના નિયમિત કાર્યનું ધ્યાન રાખશે. નાણામંત્રીએ કહ્યું કે, એસ્ટેટ મેનેજર તરીકે નિયુક્ત થયા બાદ શિક્ષકો માત્ર ભણાવવા પર ધ્યાન આપશે, જેનાથી શિક્ષણનું સ્તર સુધરશે. બજેટમાં પહેલીવાર પંજાબના બોર્ડર બેલ્ટ માટે ૪૦ કરોડ રૂપિયાનો દાવો કરવામાં આવ્યો હતો. નાણાપ્રધાને હોશિયારપુર-કપૂરથલામાં ૧૪૭ નવા મોહલ્લા ક્લિનિક્સ અને નવી મેડિકલ કોલેજો ખોલવાની જાહેરાત કરી અને ઉદ્યોગ માટે ૫ નવી યોજનાઓ સાથે. ૨.૫ લાખ નોકરીઓ આપવાની વાત પણ કરી હતી.

આપ સરકારના આ પહેલા સંપૂર્ણ બજેટમાં રાજ્યમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરની દરેક મહિલાને દર મહિને એક હજાર રૂપિયા આપવાની કેજરીવાલની ગેરંટીનો કોઈ ઉલ્લેખ નથી. અરવિંદ કેજરીવાલે વર્ષ ૨૦૨૨માં પંજાબ વિધાનસભાની ચૂંટણી પહેલા આ ગેરંટી આપી હતી. કર્મચારીઓ માટે લાગુ કરવામાં આવેલી જૂની પેન્શન સ્કીમ પર બજેટમાં કંઈ કહેવામાં આવ્યું નથી. જો કે, નાણામંત્રીએ દાવો કર્યો કે તેમની સરકારે તેના ઘણા વચનો અને ગેરંટીઓને પૂર્ણ કરી છે.

બજેટ દરમિયાન જ કોંગ્રેસના ધારાસભ્યોએ હંગામો શરૂ કર્યો હતો. તેના પર સ્પીકર કુલતાર સિંહ સંધવાને વિપક્ષી સભ્યોને સમજાવતા કહ્યું કે નાણામંત્રી ચીમાને અટકાવવું યોગ્ય નથી. તેમને બજેટ સંપૂર્ણ વાંચવાની છૂટ આપવી જોઈએ. કોંગ્રેસના ધારાસભ્યોને જે મુદ્દાઓ પર વાંધો છે તેની નોંધ કરો. બજેટ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યોને બોલવા માટે પૂરો સમય આપવામાં આવશે. માત્ર સમાચારમાં રહેવા માટે અને તમારી હાજરીને ચિહ્નિત કરવા માટે આ પ્રકારનું વર્તન યોગ્ય નથી.

દિલ્લી સરકારની ૧૦ સ્કૂલોમાં થશે ઉર્જા સાક્ષરતા કાર્યક્રમ, શિક્ષા નિર્દેશાલયે જાહેર કર્યા નિર્દેશદિલ્લી સરકારની ૧૦ સ્કૂલોમાં થશે ઉર્જા સાક્ષરતા કાર્યક્રમ, શિક્ષા નિર્દેશાલયે જાહેર કર્યા નિર્દેશ

સ્પીકરની સમજાવટ છતાં, જ્યારે કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા હંગામો ચાલુ રહ્યો, ત્યારે નાણામંત્રી હરપાલ સિંહ ચીમાએ તેમને સંબોધિત કર્યા અને તેમને સાંભળવાની હિંમત રાખવા કહ્યું. તેના પર સ્પીકરે કહ્યું કે તેમણે ગૃહમાં માત્ર અધ્યક્ષને સંબોધીને પોતાનું બજેટ પૂરું કરવું જોઈએ.

ચીમાએ કહ્યું કે જયારે તેમની સરકારે સત્તા સંભાળી ત્યારે તેને વારસામાં મોટા દેવા મળ્યા હતા જે અગાઉની સરકારો દ્વારા લેવામાં આવ્યા હતા. આમ છતાં તેમની સરકાર પંજાબને આગળ લઈ જવા માટે મક્કમ છે. વર્તમાન નાણાકીય વર્ષમાં અગાઉની સરકારો દ્વારા લેવામાં આવેલી લોન પર સરકારે મૂળ રકમ તરીકે રૂ. ૧૫,૯૪૫ કરોડ અને વ્યાજ તરીકે રૂ. ૨૦,૧૦૦ કરોડ ચૂકવ્યા હતા.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત મિશન યોજના સુખસરમાં ફારસરૂપ સાબિત થઈ

# ફતેપુરા તાલુકાના સુખસર બસ સ્ટેશન વિસ્તારમાં ગટરના રેલાતા ગંદા પાણીથી રાહદારીઓ ત્રાહિમામ

**- ગટરના રેલાતા પાણીના લીધે હાઈવે માર્ગ ઉપર ભુવો પડી જતા અકસ્માતોનો ભોગ બનતા વાહન ચાલકો.**

**- સુખસર બજારમાં ઉભરાતી ગટરો, ગંદા પાણી, તેમજ સાફ-સફાઈ મુદ્દે સ્થાનિક વહીવટી તંત્રનો પનો ટૂંકો પડ્યો.**

**- પંચાયતની નિષ્કાળજીના પગલે ગંદા પાણીમાંથી પસાર થવા મજબૂર નગરજનો.**

દાહોદ,

ફતેપુરા તાલુકાના સુખસરના પ્રવેશ દ્વાર પાસેજ સુખસરના સ્થાનિકોના ઘર વપરાશના પાણીની ગટર લાઈન તૂટી જતા મહાદેવજી મંદિર પાસેથી બસ સ્ટેશન વિસ્તારમાં કાદવ, કીચડ અને પાણી રેલાતા હાઈવે માર્ગ ઉપર ભૂવો પડી જતા રાહદારીઓ તથા વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે અને ટુ વ્હીલર વાહન ચાલકો ને અકસ્માત પણ નડી રહ્યા છે. ત્યારે ગટરના રેલાતાં પાણી બંધ થાય તેમજ હાઈવે માર્ગ ઉપર પડેલ ભુવાની લાગતા-વળગતાતંત્રો દ્વારા તાત્કાલિક મરામત કામગીરી કરવામાં આવે તેવી સ્થાનિકો સહિત રાહદારીઓ અને વાહન ચાલકોની માંગ ઉઠવા પામેલ હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલ વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસરના મુખ્ય પ્રવેશ દ્વાર ઉપર જ સુખસર ગામના સ્થાનિકોના ઘર વપરાશના ગંદા પાણીની ગટર લાઈનના પાણી રેલાઈ રહ્યા છે. જેના લીધે મહાદેવજી મંદિર પાસેથી લઈ સુખસર બસ સ્ટેશન થી ખારી નદીના પુલ પાસે કાદવ કીચડનું સામ્રાજ્ય સ્થપાયેલું નજરે પડે છે. જેના લીધે સ્થાનિક જગ્યાએ વેપાર ધંધો કરતા વેપારીઓ, વેપાર અર્થે આવતા ગ્રાહકો, રાહદારીઓ તથા વાહનચાલકોને મોટી મુશ્કેલી ઊભી થવા પામેલ છે. તેમાં મુખ્ય બાબત તો એ છે કે, સુખસર બસ સ્ટેશન વિસ્તારમાં રાત દિવસ હજારો વાહનોની અવર-જવર રહે છે. ત્યારે આ મુખ્ય માર્ગ ઉપર ભૂવો પડી જતા તેમાં પાણી ભરાઈ રહે છે. જેના લીધે હાઈવે માર્ગ ઉપર ટુ વ્હીલર વાહનો સ્લીપ થતા આ કાદવ-કિચડમાં પડે છે. જેના લીધે કપડા તો બગડે જ છે. સાથે શારીરિક ઈજાઓના શિકાર પણ બની રહ્યા છે. હાઈવે માર્ગની બરાબર વચ્ચોવચ ભૂવો પડી ગયેલ છે અને તેમાં કોઈ અજાણ્યો પેસેન્જર વાહન ચાલક પોતાના વાહનને હાઈવે માર્ગ સમજીને પસાર થવા જાય અને તેવા સમયે આ વાહન આ ભૂવામાં ખાબકેતો અને તેવા જ સમયે આગળ પાછળથી બીજું વાહન આવી જાય તો મોટી જાનહાની થઈ શકે તેવા પણ સંકેત જણાઈ રહ્યા છે.અત્રે નોંધનીય બાબત એ પણ છે કે, સુખસરના મહાદેવજી મંદિર થી લઈ બસ સ્ટેશન વિસ્તાર અને ખારી નદીના પુલ સુધી સુખસર ગામના ઘર વપરાશના ગંદા પાણી રેલાઈ રહ્યા હોવાનું જોવા અને જાણવા મળે છે. જેના લીધે સ્થાનિક વેપારીઓ તથા સ્થાનિક રહીશોને માખી મચ્છરોનો ઉપદ્રવ પણ વધી જવા પામેલ છે અને રોગચાળો ફાટી નીકળે તેવો ભય પણ સતાવી રહ્યો છે. ત્યારે સુખસર બસ સ્ટેશન વિસ્તારમાં ગટરના રેલાતા ગંદા પાણીનો નિકાલ તાત્કાલિક થાય તે બાબતે લાગતા વળગતા વહીવટી તંત્રો તાત્કાલિક ધ્યાન આપે તેમજ બસ સ્ટેશન પાસે પડેલ ભુવાને તાત્કાલિક રીપેરીંગ કામ કરી સુધારવામાં આવે તેવી સ્થાનિકો, રાહદારીઓ તથા વાહન ચાલકોની ખાસ માંગ ઉઠવા પામેલ હોવાનું જાણવા મળે છે.

# ગરબાડા અને ગાંગડી પંચાયતે વીજ કંપનીનું સ્ટ્રીટ લાઈટ વીજ બીલ ન ભરતા વીજ કનેકશન કાપતા અંધારપટ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા ગ્રામ પંચાયત તેમજ ગાંગડી ગ્રામ પંચાયતનો તંત્ર ખાડે ગયું હોય તેમ બંને પંચાયત દ્વારા મધ્ય ગુજરાત વીજ કંપનીના સ્ટ્રીટ લાઈટના બાકી નીકળતા નાણાંની વીજ કંપની દ્વારા સૂચના અને નોટિસ આપ્યા બાદ પણ ભરપાઈ ન કરતા આખરે મુદ્દે ગુજરાત વીજ કંપનીએ આજરોજ ગરબાડા તેમજ ગાંગરડી ગ્રામ પંચાયતના સ્ટ્રીટ લાઈટના કનેક્શન કાપી નાખતા બંને પંથકમાં અંધારપટ છવાઈ જવા પામ્યો છે જેના પગલે સ્થાનિકોને હાલાકી નો સામનો કરવાનો વારો આવ્યો છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨/૨૩નું છેલ્લો માસ હોવાથી મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા લાઈટ બિલ ના બાકી નીકળતા નાણાં અંગે કડક વલણ અપનાવી એકશનમાં આવી છે. જેમાં ગરબાડા તાલુકાના જુદા જુદા વિસ્તારોમાં ગ્રામ પંચાયત દ્વારા લાઈટ બિલના નાણાં ભરવા અંગે અગાઉ સુચનાઓ અને તાકીદ આપવી આ બાદ પણ સમયસર વીજબિલના નાણાંની ભરપાઈ કરવામાં ન આવી હતી. જે બાદ બધી ગુજરાત વીજ કંપની દ્વારા વીજબિલના બાકી નીકળતા નાણાની ભરપાઈ કરવા માટે છેલ્લી નોટિસ કાઢી ગ્રામ પંચાયતની તાકીદ કરવામાં આવી હતી તેમ છતાં ગરબાડા તેમજ ગાંગરડી ગ્રામ પંચાયત દ્વારા વીજ બિલની સમયસર ભરપાઈ ન કરવામાં આવતા આખરે આજરોજ MGVCL દ્વારા ગરબાડા તેમજ ગાંગરડીની સ્ટ્રીટ લાઈટના કનેકશન કાપી નાખવામાં આવતા બંને પંચાયતોમાં અંધાર પટની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. MGVCLના ૧,૯૬,૦૦૦ વીજ બિલ પેટે નાણાં બાકી હોવાના કારણે ગરબાડા ગ્રામ પંચાયતના ત્રણ સ્ટ્રીટ લાઈટના કનેકશન કાપી નાખવામાં આવ્યા હતા. ત્રણ સ્ટ્રીટ લાઈટના કનેક્શન કાપી નાખતા ગરબાડા તેમજ ગાંગરડીમાં ગામમાં અંધકાર છવાઈ જવા પામ્યો હતો. આ બાબતે ગ્રામ પંચાયતના સરપંચ સાથે ટેલીફોનીક વાત કરતાને જણાવ્યું હતું કે, નગરજનો દ્વારા નિયમિતપણે વેરો ન ભરતા તેમજ જે વેરો ભરાયો છે. તેમાંથી ૭૫ હજાર રૂપિયા GVCL ને ચૂકવવામાં આવ્યા છે, બાકી નાણાં હોવાના કારણે PGVCL દ્વારા ગરબાડા નગરના ત્રણ સ્ટ્રીટ લાઈટ કનેક્શન આપવામાં આવ્યા છે. હાલ કારણ જે પણ હોય પરંતુ બંને ગ્રામ પંચાયતોમાં સ્ટ્રીટ લાઈટના કનેક્શનનો કપાઈ જતા અંધારપટ છવાઈ જવા પામ્યો છે.

# દાહોદના છાલોર ગામે યુવતિએ કોર્ટ મેરેજ કરતાં સરપંચે ઉશ્કેરાઈ રાત્રીના સમયે છોકરાના ઘરે તોડફોડ કરી

દાહોદ,

છાલોર ગામની પુખ્ત વયની છોકરીએ કોર્ટ મેરેજ કરી લેતા ગામનો સરપંચ ઉશ્કેરાયો. ગેરકાયદેસર મંડળી બનાવી જગોલા ગામે છોકરાના ઘરે રાત્રિના સમયે પહોંચી તોડ ફોડ કરી પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાના ઈરાદે ઘરને આગ ચાપી. ફતેપુરા પોલીસ મથકે નોંધાઈ ફરિયાદ.

ફતેપુરા તાલુકાના છાલોર ગામની એક પુખ્ત વયની છોકરીએ જલાઈ ગામના છોકરા સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. આ બાબતની જાણ છોકરીના પરિવારજનોને થતા છોકરીના પરિવારે વિરોધ નોંધાવી ગામના સામાજિક આગેવાનોને જાણ કરી હતી. સામાજિક આગેવાનોના સમજાવવા છતાં છોકરી પોતાના ગામ પરત જવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. ત્યારે એ બાબત થી ગિન્નાયેલા અને પોતાને દેશના કાયદા અને બંધારણ થી ઉપર માનીને સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર કરાયેલ ઓનર કિલિંગની ગાઈડ લાઈનનો ભંગ કરીને સમાધાન કરાવવાના બદલે છાલોર ગામના સરપંચ દ્વારા પોતાના ગામના ભોળા માણસોને ઉશ્કેરી ગુનાહિત કાવતરૂં રચી જગોલા ગામના છોકરાની વિધવા માં અને તેના ભાઈને જાનથી મારી નાખવાના ઈરાદે તેના ઘરમાં પ્રવેશી તોડફોડ કરી હુમલો કરી તમામ દ્વારા પેટ્રોલ છાંટી ઘર, દુકાન અને ઢાળિયાને આગ ચાંપી સળગાવી દેવામાં આવ્યું હતું અને તમામ આરોપીઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા. ફતેપુરા પોલીસ ને આ બાબતની જાણ થતા તાત્કાલિક ફતેપુરા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને ઢાળિયામાં બાંધેલ દસેક જેટલા અબોલા પશુઓને છોડી બચાવી લીધા હતા અને સળગતા ઘર પર પાણીનો મારો ચલાવી આગ ઓલવી આગને આગળ વધતા અટકાવી લેવામાં આવી હતી.

જેના પગલે ફતેપુરા પોલીસે છાલોર ગામ સરપંચ દ્વારા પોતાના વગનો, સત્તાનો ખોટો ઉપયોગ કરી લોકોને ગેરમાર્ગે દોરી ઉશ્કેરણી કરી કાયદાનો ભંગ કરી ગેરકાયદેસર મંડળી બનાવી ગંભીર ગુનો આચરી વિસ્તારમાં દેહસતનું વાતાવરણ ઉભું કરવામાં બાબતનો ગુનો નોધીને આ ઘટનામાં સંડોવાયેલા તમામ આરોપીઓને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે.



દાહોદના ગોધરા રોડ પર રાબડાલ ગામ તરફથી પૂરપાટ દોડી આવતા ટેમ્પા ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા ટેમ્પો રોડ નજીક એક દુકાનમાં ભરાતા અકસ્માત સર્જાયો હતો તેં સમયે રોડ પર ઉભેલા ને શાળાએ જતાં બાળકને અને બાળક સાથે ઉભેલી બાળકીને અડફેટમાં લેતા બાળક સહિત બાળકી ટેમ્પા સાથે ઘસેડાઈ દુકાનમાં ભરાઈ ગયો હતો અને સાથે દુકાનની આસપાસ ઉભેલા લોકોમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા અકસ્માત કરી ટેમ્પા ચાલક પોતાનો ટેમ્પો મૂકી ઘટના સ્થળે મૂકી ફરાર થયો હતો અકસ્માત સર્જાતા આસપાસના લોકો દોડી આવ્યા હતા ને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલેન્સને જાણ કરી ઈજાગ્રસ્તોને સારવાર માટે દાહોદના ઝાયડત હોસ્પિટલ ખસેડાયા હતા હાલ અકસ્માતમાં કોઈ જાન હાની ન થતા લોકોએ હાસકારો લીધો હતો

## ગરબાડાના સીમલીયા બુઝર્ગ ગામના વિદ્યાર્થીનીએ કડી હોસ્ટેલમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના સીમલીયા બુઝર્ગ ગામની વિદ્યાર્થિનીએ કડી ખાતે હોસ્ટેલમાં ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હોવાનું જાણવા મળે છે. ત્યારે બીજી તરફ વિદ્યાર્થીનીના મોતના પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા સીમલીયા બુઝર્ગ ગામના ડાંગી ફળિયા રહેવાસી છાયાબેન નારણભાઈ ડાંગી એ મહેસાણા જિલ્લાના કડી ખાતે એન્જિનિયરિંગના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી હતી. જેને ગતરોજ હોસ્ટેલમાં અચાનક ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં વિદ્યાર્થીનીના પરીવાર તેમજ ગ્રામજનોમાં ખળભળાટ મચી ગયો હતો. કડી ગામે અભ્યાસ કરતી છાયાબેને કયા કારણોસર આત્મહત્યા કરી છે, તે હાલ જાણી શકાયું નથી. આ ઘટના અંગે વિદ્યાર્થીનીના પરિવારજનોને જાણ તથા પરિવારજનો દ્વારા વિદ્યાર્થીનીના મૃતદેહને અંતિમ સંસ્કાર ખાતે તેના વતન ખાતે લાવવામાં આવ્યો હતો.

# શ્રી કૃષ્ણ પ્રણામી આર્ટ્સ કોલેજ, દાહોદ નેહરૂ યુવા કેન્દ્ર દાહોદના સંયુક્ત ઉપક્રમે G20 અને Y20 સમિટ (નેબરહુડ યુથ પાલોમેન્ટ) યુવા જાગુતિ સેમિનાર યોજાયો

દાહોદ,

દાહોદ જિલ્લાના કૃષ્ણ પ્રણામી કોલેજ ખાતે ભારત સરકાર નાં યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલય હેઠળ નેહરૂ યુવા કેન્દ્ર દાહોદ કચેરી દ્વારા અડોસ-પડોસ યુવા સંસદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડો. ગૌરાંગ ખરાડીએ યુવાનોને ભારત દ્વારા યજમાન પદે શરૂ થયેલી જી-૨૦ સમિટ વિશે જાણકારી આપવામાં આવી અને જી-૨૦ સમિટથી ભારત કેવી રીતે આવનારા સમયમાં અન્ય દેશોની સરખામણી કરી શકશે તે બાબતની ચર્ચા કરવામાં આવી હતી. આદિકાળથી ભારત 'વસુધૈવ કુટુંબકમ' સમગ્ર વિશ્વ જ એક પરિવારની ભાવના મૂર્તિમત કરી રહ્યું છે. ત્યારે વિદ્યાર્થીઓ સમક્ષ પાલોમેન્ટમાં કરવામાં આવતી કામગીરીની



માહિતી આપી. G20 અંતર્ગત ભારતને તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૨ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી ભારતની અધ્યક્ષતાં પ્રાપ્ત થઈ છે. તેની વિદ્યોર્થીઓ સાથે ચર્ચા કરી હતી. G20 ની પૂરક ભૂમિકામાં Y20 વિશે મૌલિક શ્રોત્રિય એ ખૂબ ઊંડાણ પૂર્વક મુદ્દાસર મુખ્ય પાંચ મુદ્દાઓની મહત્વની ચર્ચાઓ યુવાનો સાથે કરી હતી. તેમજ ડો. હિમાંશુ પરીખેએ એગ્રીકલ્ચર રીસચે સ્ટેશન આતરરાષ્ટ્રીય બાજરા વર્ષ ૨૦૨૩ ભાગરૂપે મહત્વની ચર્ચા વિચારણા કરી તેમજ આરોગ્ય વિષય પર ઉંડાણ પૂર્વક માર્ગદર્શન આપ્યું અને આત્મનિર્ભર બનાવા માટે જરૂરી સરકાર વિવિધ બાગાયત ઉત્પાદનની યોજનાઓ કેવી રીતેલાભ મળે માહિતી આપી હતી.

જિલ્લા કક્ષાના અડોસ-પડોસ યુવા સંસદ કાર્યક્રમ માં વિવિધ ટીમોઓ એ દેશભક્તિ ગીત, ડાન્સ જેવી પ્રતિયોગીતામાં ભાગલેનારને પ્રમાણપત્રો, ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નેહરૂ યુવા કેન્દ્ર દાહોદના જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈ, કોલેજના આચાર્ય પારૂલબેનસિંહએ અને અશોકભાઈ પરમાર તેમજ રાષ્ટ્રીય સેવા કર્મીઓ દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું. કોલેજ તેમજ આજુબાજુના અન્ય મોટી સંખ્યામાં યુવાનો હાજર રહ્યા હતા.

# દાહોદના પ્રસંગ પાર્ટી પ્લોટ ૨ ખાતે યોજાયેલા ભાજપ મહિલા મોર્ચાના કાર્યક્રમમાં મહિલાઓની સંખ્યા ઓછી જોવા મળતા મધ્યઝોનના પ્રભારી ભડક્યા કાર્યક્રમનો થયો ફિયાસ્કો

દાહોદ શહેરના જુના ઈન્દોર રોડ ઉપર મહિલાઓને એવોર્ડ આપી સન્માનિત કરવાનો ભાજપ મહિલા મોર્ચા દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે સમાજમાં શ્રેષ્ટ કામગીરી કરનાર મહિલાઓને સુષ્મા સ્વરાજ એવોર્ડ ૨૦૨૩ થી સન્માનિત કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં મદયઝોનના મહિલા પ્રભારી કામિનીબેન સોનીની ઉપસ્તિથીમાં આ કાર્યક્રમ યોજવા માટે નક્કી કરાયું હતું જેમાં ટાઈમ બપોરના ત્રણ વાગ્યાનો રાખવાનો હતો પરંતુ મહિલાઓની સંખ્યા ભેગી કરતા કરતા મહિલા મોર્ચાને આ કાર્યક્રમ સાંજના ચાર વાગ્યે શરૂ કરાયો હતો જેમાં દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શંકર અમલીયાર દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી દાહોદ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ શહેર ભાજપના હોદ્દેદારો તેમજ ગુજરાત માંથી આવેલા મદયઝોનના મહિલા પ્રભારી કામિનીબેન સોની હંસાકુવરબા ની સાથે અન્ય હોદ્દેદારો પણ આવ્યા હતા જેમાં મધ્યઝોનના પ્રભારી કામિનીબેન સોની જયારે પ્રવચન આપવા ઉભા થયા ત્યારે મહિલાઓની સંખ્યાને લઈને મહિલા ભાજપની હોદ્દેદારો ઉપર ભડક્યા હતા અને જણાવ્યું હતુંકે આ કાર્યક્રમ મહિલાઓના સન્માન માટે કાર્યક્રમ રાખવામાં આવ્યો છે ત્યારે આટલી ઓછી સંખ્યામાં જિલ્લાભરમાંથી મહિલાઓ હાજરી આપવા આવી છે તો આટલી ઓછી સંખ્યા કેમ જેમાંથી સૌથી વધુતો ભાજપની મહિલા હોદ્દેદારો જોવા મળી હતી ત્યાર બાદ જિલ્લાના તાલુકાના ગામોના નામ લઈને ઉભા કરતા મહિલા સૌથી વધુ દાહોદ શહેરમાંથી આવી હતી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

લીમખેડામાંથી એક લીમડી માંથી જીરો ફતેપુરામાંથી એક દેવગઢ બારીયા જીરો ગરબાડા જીરો ત્યારે મહિલાઓની ઓછી સંખ્યામાં ફિયાસ્કો થતા મદયઝોનના પ્રભારી કામિનીબેન સોની જિલ્લાની મહિલા મોર્ચાની હોદદ્દારો ઉપર ભડકયા હતા જેમાં મહિલાઓની ઓછી સંખ્યાના કારણે ભાજપની મહિલા મોરચાનો સુષ્મા સ્વરાજ એવોર્ડ ૨૦૨૩ માં ફયાસ્કો થયો હોવાના કારણે મહિલાઓનું સન્માન કરી કાર્યક્રમ વહેલી તકે સમેટી લેવામાં આવ્યો હતો ત્યારે હાજર લોકોમાં ચર્ચાનો સવાલ ઉભો થયો હતો

# દે.બારીયા તાલુકાના સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ ખાતે આયુષ મેળાનું આયોજન કરાયું

દાહોદ,

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત નિયામક, આયુષની કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ આયુર્વેદ શાખા, જીલ્લા પંચાયત, દાહોદ સરકારી આયુર્વેદ હોસ્પિટલ દેવગઢ બારિયાના સંયુક્ત ઉપક્રમે તા.૧૧-૦૩-૨૦૨૩ ના રોજ દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાની સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ દેવગઢ બારિયા ખાતે તાલુકા કક્ષાના ''આયુષ મેળા''નું સફળતાપુર્વક આયોજન કરવામાં આવેલ.જેમાં તાલુકા પંચાયત પ્રમુખ પાર્વતીબેન રાઠવા, આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વિનકુમાર મકવાણા , જિલ્લા સદસ્ય અરવીન્દાબેન, ભૂતપૂર્વ તાલુકા પ્રમુખ કરણસિંહ મામા, સુપ્રિટેન્ડેન્ટ વણકર સિવિલ હોસ્પિટલ દેવગઢ બારિયા, ટી.ડી.ઓ-રાઠવા, ટી.એચ.ઓ-કલ્પેશભાઈ બારીયા, શહેર અગ્રણી નીમેશભાઈ જોશીની હાજરીએ આયુષ મેળાની શોભામાં અભિવૃદ્ધિ કરેલ. વૈદ્યપંચકર્મ અલ્કેશભાઈ ગેલોત દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. મહેમાનોને પુષ્પગુચ્છ અને આયુષ કીટ અર્પણ કરી આવકારવામાં આવેલ. ભૂતપૂર્વ તાલુકા પ્રમુખ કરણસિંહ મામા, નીમેશભાઈ જોશી, ચંદનભાઈ બામણ જિલ્લા આયુર્વેદ અધિકારી દ્વારા પ્રાસંગીક ઉદ્દબોધન કરવામાં આવેલ જેમાં તેમના દ્વારા આયુષ વિભાગ અંતર્ગત કરવામાં આવતી કામગીરી અને '' હર દિન હર ઘર આયુર્વેદ'' વિશે માહિતી આપવામાં આવેલ. આયુષ મેળામાં વિવિધ પ્રવૃત્તિ જેમાં આયુર્વેદ પોષણ યુક્ત આહાર, વિવિધ આયુર્વેદ-હોમિયોપથી પ્રદર્શની, યોગ પ્રત્યક્ષ નિદર્શન, આયુષ નિદાન અને સારવાર કેમ્પ જેમાં દંતોત્પાટન,અગ્નિકર્મ, પંચકર્મ નાડી સ્વેદ વગેરે સારવાર પદ્ધતિઓએ લોકોમાં અનેરૂ આકર્ષણ જમાવ્યું. આયુષ મેળાનો બહોળા પ્રમાણમાં જાહેર જનતા દ્વારા લાભ લેવામાં આવેલ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.170

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલ તાલુકના કરડ નદી અને રામનાથ ગોમા નદીના

# ચેકડેમની દિવાલો ધરાશાઈ થતાં પાણી વહી જવાથી ખેડુતોને પાણી માટે વલખાં મારવાનો વખત આવ્યો.

કાલોલ,

કાલોલ તાલુકાના બરોલા ગામે કરડ નદીમાં બનાવેલ ચેકડેમની સાઈડની દિવાલો ધરાશાઈ થઈ ગયેલ હોવાથી પાણી વહી જતાં ખેડુતોને પાણી નહિ મળતાં સિંચાઈની સમસ્યા વેઠવાનો વારો આવ્યો. ચેકડેમમાં પાણીનો સંગ્રહ નહીં થતા કુવા અને બોરવેલમાં પાણીના સ્તર નીચે જતા ઉનાળું સીજનમાં સિંચાઈ માટે વેચાતું પાણી લાવવું પડે તેવી સ્થિતી ઉભી થઈ છે.





કાલોલના બરોલા ગામે કરડ નદીમાં પાણીના સંગ્રહ થાય નદીમાં પાણી સંગ્રહ થવાથી પશુઓ તેમજ ખેડુતોને પાણીની સગવડ માટે કરોડો રૂપીયાના ખર્ચે ચેકડેમ બનાવવામાં આવ્યો હતો. પરંતુ કરડ નદીમાં ચેકડેમ બનાવ્યા પછી મરામત કરવા માટે દયાન નહિ આપવાના કારણે ચેકડેમની સાઈડની દિવાલો ધરાશાઈ થઈ ગયેલ જોવા મળી રહી છે. ચેકડેમમાં પાણીનો સંગ્રહ કરવા માટે ચેકડેમની સાઈડોની દિવાલો તુટી જવાને કારણે ચેકડેમમાં સંગ્રહીત પાણી નદીમાં વહી ગયેલ હોય જેને લઈ ખેડુતોને પાણીની સમસ્યા ઉભી થવા પામી છે. ખેડુતોને પશુઓ માટે પાણીની સમસ્યા સાથે સિંચાઈ માટે પાણી મળતું બંધ થયું છે. ચેકડેમમાં પાણી સંગ્રહીત થતા આસપાસના કુવા અને બોરવેલના પાણીના સ્તર જળવાઈ રહ્યા હતા. તે પાણીના સ્તર પાણી નીચે ઉનાળાની સીજનમાં ખેડુતોને પાણી વેચાતું લઈને ખેતી કરવી પડે તેવી સ્થિતી છે.

> ગોમા નદીમાં રામનાથ ગામ પાસે ૧૫ વર્ષ પહેલા બનેલ ચેકડેમ ચોમાસાની સીજનમાં સાઈડની દિવાલો ધરાશાઈ થતાં પાણી સાથે આસપાસના ખેડુતોની જમીનોનું પણ ધોવાણ થયું હતું. આગામી સમયમાં ચેકડેમની મરામત કરવામાં નહિં આવે તો રામનાથ ગામ અને નદીના પર આવેલ ખેડુતોને જમીન ધોવાણની સમસ્યા સર્જાઈ શકે છે. ઉનાળાની સીજનમાં ચેકડેમની મરામત કરીને પાણીની સંગ્રહ થાય તેવી માંગ ઉઠવા પામી છે.

કાલોલના ગોમા નદીમાં રામનાથ ગામ નજીક ૧૫ વર્ષ પહેલ ચેકડેમ બનાવવામાં આવ્યો હતો. ચેકડેમ બનવાથી આસપાસના ૧૦ જેટલા ગામોને પીવાના પાણી અને સિંચાઈના પાણીની સમસ્યા હલ થઈ હતી. ચોમાસાની સીજનમાં ગોમા નદીમાં વરસાદના પાણીને લઈ ચેકડેમની બાજુની દિવાલ ધરાશાઈ થઈ જતાં ખેડુતોની જમીન પણ ધોવાણ થયું હતું. આ ચેકડેમની મરામત કરવામાં આવી નથી. ગોમાના રામનાથ પાસે ચેકડેમ માંથી પાણી વહી જતાં ૬ માસથી ખેડુતો પાણી માટે વલખાં મારી રહ્યા છે.

## ઘોઘંબાના નવા ગામે અવળ કુવામાં પડેલ બિલાડી અને કુતરાનું રેસ્કયુ કરવામાં આવ્યું


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના નવા ગામ છેલ્લા લાંબા સમયથી અવળ કુવામાં કુતરું તેમજ બિલાડી કુવામાં પડયા હોય સ્થાનિક સરપંચ એ વન વિભાગનો સંપર્ક કરી કુવા માંથી કુતરા અને બિલાડીને રેસ્કયુ કરવામાં આવ્યું.

ઘોઘંબા તાલુકાના નવા ગામ આવેલ અવળ કુવામાં પ્રાણીઓ પડતા હતા. છેલ્લા ઘણાં સમયથી કુવામાં કુતરું તેમજ બિલાડી કુવામાં પડેલ હોય છેલ્લા કેટલાક સમયથી કુવામાં પડેલ કુતરા અને બિલાડીને સ્થાનિક લોકો ખોરાક નાખતા હતા. ૬૫ ફુટ જેટલા ઉંડા કુવામાં બિલાડી તેના બે બચ્ચાં સાથે કુતરું પણ કુવામાં રહેતું હોય આ બાબતે સરપંચ દ્વારા વન વિભાગનો સંપર્ક કરી વડોદરા વાઈડ લાઈફ ટ્રસ્ટ અને વન વિભાગની ટીમ દ્વારા બિલાડી અને કુતરાનું રેસ્કયું કરવામાં આવ્યું.

## ગોધરા પાલિકાએ ૮ કરોડનું વીજ બીલ ન ભરતાં ૧૫ જેટલા વિસ્તારના સ્ટ્રીટ લાઈટ વીજ કનેકશન કાપતાં નગરજનોને અંધારા ઉલેચવાનો વારો

ગોધરા,

ગોધરા નગર પાલિકા દ્વારા મદય ગુજરાત વીજ કંપનીની ૮ કરોડ જેવી વીજ બીલના નાણાં ભરપાઈ કરવા અખાડા કરતાં આખરે વીજ કંપનીના નગર પાલિકાના ૧૫ જેટલા વિસ્તારના સ્ટ્રીટ લાઈટ કનેકશન કાપી નાખતાં નગરજનોને અંધારા ઉલેચવાનો વારો આવ્યો છે.

ગોધરા નગર પાલિકા દ્વારા મદય ગુજરાત વીજ કંપનીના બાકી નિકળતા વીજ બીલના લેણાંની રકમ રૂા. ૮ કરોડ ભરવા માટે વીજ કંપની દ્વારા અનેક નોટીસ તેમજ મૌખિક સુચનાઓ આપવા છતાં પાલિકા તંત્ર વીજ બીલના નિકળતા લેણાંની રકમ ભરપાઈ કરવામાં અખાડા કરવામાં આવ્યા હોય જેને લઈ એમ.જી.વી.સી.એલ. દ્વારા ગોધરા પાલિકાના ૧૫ જેટલા વિસ્તારોની સ્ટ્રીટ લાઈટના વીજ કનેકશન કાપી નાખવામાં આવ્યા છે. નગર પાલિકાના ગેરવહિવટનો ભોગ હાલ નગરજનો વેઠી રહ્યા છે. રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા ઘરની બહાર નિકળવામાં ભય અનુભવી રહ્યા છે. ગોધરા પાલિકાના સત્તાધિશો નગરજનો ઉપર પાણી, લાઈટ અને સફાઈ વેરામાં ધરખમ વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જ્યારે બીજી તરફ પાલિકા તંત્ર નગરજનોને પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવાના ઠેકાણા નથી. ગોધરા પાલિકા વિસ્તારમાં હાલ માત્ર ૧૫ જેટલા વિસ્તારના સ્ટ્રીટ લાઈટના વીજ કનેકશન કાપવા પુરતી નથી. શહેરના અનેક વિસ્તારો પીવાના પાણીની સમસ્યાને લઈ નગરજનોમાં પાલિકા તંત્ર સામે રોષ સામે આવ્યો છે. ગોધરા પાલિકાના સત્તાધિશોના અનઘડ વહીવટનો ભોગ નગરજનો બની રહ્યા છે. ત્યારે જોવાનું રહ્યું કે, પાલિકા તંત્ર સ્ટ્રીટ લાઈટના વીજ બીલનું સમાધાન શું કરે છે.

## કાંકણપુર આર્ટસ અને કોમર્સ કોલેજ દ્વારા મહિલા સશકિતકરણ અંગે ઓનલાઈન કાર્યક્રમ યોજાયો

ગોધરા,

ગોધરા તાલુકાની કાંકણપુર ખાતે આવેલ આર્ટસ અને કોમર્સ કોલેજમાં સી. ડબલ્યુ. ડી. સી અને એન.એન.એસ વિભાગના સયુંકત ઉપક્રમે સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જે. એલ. કોટેચા અને એસ.એચ.ગાર્ડી કોલેજ ખાતે ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવણીના ભાગરૂપે કોલેજના આચાર્ય ડો. જે.એન.શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ ગૂગલ મિટ એપ દ્વારા ઓનલાઈન ઉજવણી કરવામાં આવી હતી. આ ઓનલાઈન કાર્યક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીભાઈઓ-બહેનોનું સી.ડબ્લ્યુ.ડી.સી.ના કન્વીનર ડો. ઉષાબેન પટેલ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે સોનલબેન પંડયાએ મહિલા અધિકારો અને મહિલા સુરક્ષા અંગે વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ સફળતા મેળવેલી ઉત્તમ મહિલાઓનું ઉદાહરણ આપ્યું હતું. તેમને વધુમાં જણાવ્યું હતું કે, તમારે રીલ સ્ટોરી પ્રમાણે નઈ પણ રીઅલ સ્ટોરી રીતે પોતાનું જીવન જીવવાનું છે. આજે સમાજ બદલાઈ રહ્યો છે. નવી ટેક્નોલોજી બદલાઈ છે, તો એની સાથે દરેક મહિલાની વિચારસરણી પણ બદલવી જોઈએ. દરેક મહિલા એ ડર્યા વગર સંઘર્ષ કરીને આગળ વધવું જોઈએ તેમ પોતાના વક્તવ્યમાં જવાવ્યું હતું.આ સાથે કોલેજના આચાર્ય ડો જૈમિનિ શાસ્ત્રીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિન વિશેષ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં કોલજના તમામ અધ્યાપકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સી.ડબ્લ્યૂ. ડી.સી.ના કન્વીનર ડો. ઉષાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની આભારવિધિ પણ ડો. ઉષાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ સફળ બનાવવા માટે કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી મૌલિનભાઈ શાહ તેમજ કોલેજના આચાર્ય ડો જે.એન.શાસ્ત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

## મોરવા(હ)ના રામપુર (ક) ગામે માળા ઉપર વીજ ઈલેકટ્રીક વાયર તુટી જતાં લાગેલ આગમાં ભેંસનું મોત

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના રામપુર(ક) ગામે ઘરની આગળ લાકડાં રોપી માળો બનાવી તેના ઉપર ઘાસ મૂકી નીચે ભેંસો અને ગાય બાંધેલ હતા. તે સમયે માળા ઉપરથી પસાર થતાં ઈલેકટ્રીક વાયર તુટીને પડતા આગ લાગવાથી એક ભેંસ બળી જતાં મોત.વિસ્તૃત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના રામપુર(ક) ગામે રહેતા ગમેરભાઈ દલસુખભાઈ બારીયાએ પોતાના ઘરની આગળ લાકડા થી થાંભલી રોપીને માળો બનાવ્યો હતો અને ઉપર ઘાસ મૂકી નીચે બે ભેંસો અને ગાય બાંધેલ હતા અને માળા ઉપરથી પસાર થતાં ઈલેકટ્રીક લાઈનનો વાયર તુટીને સ્પાર્ક થતાં ઘાસમાં આગ લાગી હતી. જેને કારણે એક ભેંસ અને ગાય દાઝી હતી. જ્યારે એક ભેંસ આગમાં દાઝી જતાં મરણ ગયાની ફરિયાદ મોરવા(હ) પોલીસ મથકે નોધાવા પામી છે.

## મોરવા(હ) ઉમરદેવી ગામ પાસે પાણી પુરવઠાની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પાણીનો વ્યય

### પાણી ખેતરમાં ઘુસી જતાં ઉભા પાકને નુકશાન.

મોરવા(હ),

મોરવા(હ)ના ઉમરદેવી પાસેથી પાણી પુરવઠા વિભાગની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પાણીનો વ્યય થયો પાણી ખેતરમાં તૈયાર ઘઉંના પાકમાં ફરી વળતાં પાકને નુકશાન થવા પામ્યું.મોરવા(હ)ના ઉમરદેવી પાસેથી પસાર થતી પાણી પુરવઠાની મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. પાણી પુરવઠાની મુખ્ય લાઈનમાં ભંગાણને લઈ હજારો લીટર પાણીનો વ્યય થયો હતો. પાણી લાઈનમાં લીકેજ થવાથી પાણી મકાન આગળ થઈને ખેતરમાં ઉભા તૈયાર થયેલ ઘઉં અને લસણના પાકમાં ઘુસી જતાં ખેડુતોના પાકને નુકશાન થતાં ખેડુતોમાં ભારે રોષ જોવા મળ્યો છે.



## ઘોઘંબામાં સંસ્કાર વિદ્યાલય ખાતે વાર્ષિક રસોત્સવ ઉજવણી કરવામાં આવી

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકા આવેલી સંસ્કાર વિદ્યાલય માં વાર્ષિક રસોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં પંચમહાલ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન રમેશભાઈ રાઠવા, ઘોઘંબા તાલુકા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ગુણવંતસિંહ ગોહિલ, ઘોઘંબા ગ્રામ પંચાયતના સરપંચ નિલેશભાઈ વરીયા, પ્રમુખ પ્રજ્ઞેશભાઈ શાહ, બી.આર.સી. પ્રવિણસિંહ સોલંકી, લક્ષ્મણસિંહ બારીયા, પિયુષભાઈ પટેલ પ્રાથમિક શાળા ઘોઘંબા, ભીમસિહભાઈ રાઠવા, શાળા મંડળના પ્રમુખ આશાબેન સોલંકી તથા રાજેશકુમાર એમ.પટેલ એવોર્ડ વિજેતા, વિવિધ સામાજિક કાર્યકરો તથા શાળા પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે અને શિક્ષણ ક્ષેત્રમાં અનોખી સિદ્ધિઓ પ્રાપ્ત કરવામાં આવેલ છે. ધોરણ ૧ થી ૮ માં તમામ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સંસ્કૃતિ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા તથા તેમાં ધાર્મિક, રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને સામાજિક સ્તરના ઉત્તમ કાર્યક્રમોની ઝલક રજૂ કરવામાં આવેલ હતી. વ્યસન મુકિત, અંધશ્રદ્ધા અને બેટી બચાવોના કાર્યક્મો અસરકારક રહ્યા હતા. ધોરણ ૧ થી ૮ માં પ્રથમ નંબરે વિજેતા દરેક વિદ્યાર્થીઓને મુખ્ય મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્ય સ્પર્ધામા રાજ્યકક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થી હવી પટેલને મેડલ આપી સન્માનિત કરાયો હતો. શાળાના આચાર્ય દ્વારા શાળાનો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. શિક્ષકોએ તૈયાર કરાવેલ વિદ્યાર્થીઓમાં સંસ્કાર સિંચનની વિવિધ પ્રવૃત્તિઓ વિશે સર્વે વાલીઓને સમજાવ્યું હતું. વાલીઓ દ્વારા દરેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને આર્થિક સહયોગ આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શાળા કક્ષાએ યોજાયેલ તમામ કાર્યક્રમો માટે સૌ વાલીઓએ આશીર્વાદ વચન આપ્યા હતા.

## ગલીબીલી મુકામે ઘોઘંબા ખાતે યોજાયેલ રાઠવા સમાજનુ સંમેલ ને અનુલક્ષી ગ્રામ્ય કમીટી બનવવા મિટિંગ યોજાઈ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ગલીબીલી ગામે ઘોઘંબા ખાતે યોજાયેલ રાઠવા સમાજના મહાસંમેલનના ઉપલક્ષમમાં ગ્રામ્ય કમિટી બનાવવા માટે ગલીબીલી મુકામે મોટી સંખ્યામાં આજુબાજુના ગ્રામ જાણો ઉપસ્થિત રહ્યા હતા અને સમાજના બંધારણને સ્પષ્ટ બહુમતીથી પસાર કરવામાં આવ્યું અને તેમાં સર્વની સંમતિથી ગ્રામ્ય કમિટીની રચના કરવામાં આવી. તેમાં ગામના વડીલો યુવાનો તથા તમામ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલના અલવા ગામે કરાડ નદીમાં રેતી ખનન કરતાં ૪ ટ્રેકટરને ખાણ-ખનિજ વિભાગે ઝડપ્યા



કાલોલ,

કાલોલ તાલુકાના અલવા ગામે કરાડ નદીના પટ માંથી રેતી ખનન કરતાં ચાર ટ્રેકટરને ખાણ-ખનિજ વિભાગે ઝડપી પાડવામાં આવ્યા. ખાણ-ખનિજ વિભાગની કાર્યવાહીથી ખનન માફિયાઓમાં ફફડાટ જોવા મળ્યો.

કાલોલ તાલુકાના અલવા ગામે કરાડ નદી માંથી ગેરકાયદેસર રીતે થતા રેતી ખનનને રોકવા માટે ખાણ-ખનિજ વિભાગે કરોડો પાડયો હતો અને કરાડ નદીના પટ માંથી રેતી ખનન કરતાં ૪ ટ્રેકટરો કિંમત ૨૫ લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. ખાણ-ખનિજ વિભાગે પોલીસને સાથે રાખીને રેતી ખનન માફિયાઓ ઉપર સપાટો બોલાવી ૪ ટ્રેકટરો ઝડપી પાડતા રેતી અને માટી ખનન કરતાં ખનન માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ખાણ-ખનિજ વિભાગ ઝડપેલ ૪ ટ્રેકટરોને મામલતદાર કચેરીમાં મુકવામાં આવ્યા.